## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જો ચોવીસમીએ વર્લ્ડ ગર્લ ચાઈલ્ડ ડે છે... તે દિવસે કામ બંધ રાખવાનું છે... પત્રકાર જોઈ જશે તો... સરકારનું કેવું ખરાબ લાગે...!!

# જિલ્લામાં પશુધન વસ્તી ગણતરીનો આરંભ

## ૩૧મી માર્ચ સુધી વસ્તીગણતરી ચાલશે : ૭૦થી વધુ ગણતરીદારો દ્વારા ગણન થશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ૨૦મી પશુધન ગણતરીનો આરંભ થઈ ગયો છે જે ૩૧મી માર્ચ સુધી ચાલશે. જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. પ્રજાપતિના જણાવ્યાનુસાર આ પશુધન ગણતરી ટેબ્લેટથી કરવામાં આવી રહી છે. આ ટેબ્લેટ ભારત સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

જિલ્લામાં ૨૦મી પશુધન ગણતરી માટે ૭૦ ગણતરીદારોની નિમણુંક કરવામાં આવી છે. જેમને બે વખત વિશેષ તાલિમ આપી તાલિમબદ્ધ કરવામાં આવેલ છે. એક ગણતરીદાર ૫ હજાર આવાસ આવરી લેશે. તેમણે મતગણતરીમાં જિલ્લાના પશુપાલકોને સહયોગ આપવા અપીલ કરી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૨થી વધુ જાતના પશુઓને આ ગણતરીમાં આવરી લેવાશે. બ્રીડવાર આ ગણતરી કરવાની છે અને તેની સીધી ઓનલાઈન એન્ટ્રી થવાની હોવાથી સમય થોડોક વધુ લાગશે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ગણતરીનો આરંભ આમ તો દિપાવલી પર્વ પછી તુરત જ થવાનો હતો પરંતુ ટેબ્લેટ મોડા ઉપલબ્ધ થતાં તેમાં બે માસનો વિલંબ થયો છે.

૧૯મી પશુધન ગણતરી દરમ્યાન જિલ્લામાં ૫.૨૫ લાખ પશુઓની વસ્તી નોંધાઈ હતી. જિલ્લામાં આ વખતે વસ્તી વધારો કેટલો થશે તે ગણતરીના પરિણામો જાહેર થતાં ઉપલબ્ધ બનશે. ૧૯મી પશુધન ગણતરીના પરિણામમાં ક્ષતિઓ રહેતાં મોડા જાહેર થયા હતા જે નોંધનીય છે. જિલ્લામાં ઊંટ, ગધેડા જેવા પ્રાણીઓની વસ્તી ઘટી રહી છે.

# નગરના ગ અને ખ માર્ગ આસપાસ વન આરક્ષિત જગ્યામાં વનતંત્ર ફેન્સીંગ કરશે

## ઘ માર્ગ પર ટુંકમાં કામ પુર્ણ થશે : નવા કામ પાછળ અંદાજિત ૩ કરોડના ખર્ચનો અંદાજ

ગાંધીનગર તા ૨૪

શહેરના ઘ અને ચ માર્ગ પર વનતંત્ર દ્વારા આસાપાસની વન આરક્ષિત જગ્યાને અનુલક્ષી ફેન્સીંગનુ કામ હાથ ધરાયુ છે. ચ માર્ગ પર આ કામગીરી પુર્ણ કરી દેવાયા બાદ નગરના ઘ માર્ગ પર આ કામ પુર્ણતાના આરે છે. જયારે ઘ અને ચ માર્ગ પર ફેન્સીંગની કામગીરીના અંતે નગરના અન્ય ગ , ખ સહીત રોડ નં -૩ને અનુલક્ષીને પણ ફેન્સીંગનુ કામ હાથ ધરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. શહેરના મુખ્યમાર્ગોની આસપાસ એકબાજુ તંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે.જયારે વન આરક્ષિત જગ્યામાં દબાણ સહીતની સમસ્યાઓ નિવારવા તેમજ રોપાઓની દરકાર લેવા માટે ફેન્સીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં વન વિભાગ દ્વારા સમયાંતરે નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે નગરના મુખ્યમાર્ગો આસપાસનો વિસ્તાર હરિયાળા વૃક્ષોથી ઘેરાયેલો છે આવા સંજોગોમાં આ વિસ્તારની વિશેષ કાળજી લેવી પણ અનિવાર્ય છે. રોપાઓના અસ્તિત્વને ધ્યાને લઈ તેમજ હરિયાળીની જાળવણી માટે આ વિસ્તારમાં સમયાંતરે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવા ઉપરાંત રોપાઓની જાળવણી માટે પણ કામ હાથ ધરવામાં આવે છે. બીજીતરફ શહેરના વન આરક્ષિત વિસ્તારમાં ગંદકી અને દબાણો વધવાની સમસ્યા પણ છેલ્લા કેટલાક સમયથી પ્રબળ બની હતી. જયારે વન આરક્ષિત જગ્યાને અનુલક્ષી નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર અગાઉ સિમેન્ટના થાંભલાવાળી ફેન્સીંગ કરવામાં આવી હતી તે પણ તુટી જતા અનેક સમસ્યાઓ ઉદભવી હતી. જેને અનુલક્ષીને વનતંત્ર દ્વારા અંદાજિત રૂ ૨ કરોડના ખર્ચે નગરના બન્ને માર્ગો પર લોખંડના એંગલવાળી ફેન્સીંગ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. આ કામગીરી નગરના ચ માર્ગ પર પુરી થઈ ગઈ છે. જયારે ઘ માર્ગ પર આ કામગીરી પુર્ણતાના આરે છે. જયારે આગામી દિવસોમાં નગરના ગ માર્ગ તેમજ ખ માર્ગ ને પણ ફેન્સીંગ હેઠળ આવરી લેવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. રોડ નં -૩ આસપાસ પણ ફેન્સીગં બનાવવા માટે વિચારણા હાથ ધરવામાં અવી છે.આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ થાય તેવો અંદાજ છે. આ દરખાસ્તને મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.



બેટી બચાવો બેટી બઢાવો અંતર્ગત મહિલા શિક્ષણ-સમજ ક્ષેત્રમાં દેશભરમાં શ્રેષ્ઠ કામગીરી માટે ગાંધીનગર જિલ્લાની થયેલ પસંદગી પછી આજે દિલ્હી ખાતે કેન્દ્રીયમંત્રી સુશ્રી મેનકા ગાંધી અને ડૉ. વિરેન્દ્રકુમારના હસ્તે જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ જિલ્લા વતી એવોર્ડ સ્વીકાર્યો હતો તે પ્રસંગની તસવીર.



ગાંધીનગરમાં સેકટર-૨૬ની ગ્રીનસીટી સોસાયટી ખાતે ગુરુવારે રાત્રે સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું. સુંદરકાંડ પાઠ વકતા ભારતીબાપુની વાણીમાં યોજાયા હતા. જેનો મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ રહીશોએ લાભ લીધો હતો.

## ઉમિયા માતાજીના દિવ્યરથના સ્વાગત આયોજન માટે બેઠકનું આયોજન

જગતજનની પાટીદારોની કુળદેવી મા ઉમિયાજીના દિવય રથનું વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદથી પ્રસ્થાન થઈ તા. ૪-૨-૨૦૧૯ને સોમવારના રોજ બપોર બાદ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન સે-૧૨, ગાંધીનગર ખાતે આગમન થનાર છે. રાત્રે રોકાણના ભાગરૂપે ગરબાનું ભવ્ય આયોજન કરેલ છે. સમસ્ત કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર દ્વારા આયોજિત વિશ્વ ઉમિયા દિવ્ય રથનું દરેક સેકટરમાં મા ઉમિયા રથયાત્રા સ્વરૂપે તારીખ ૫-૨-૨૦૧૯ના રોજ પરિભ્રમણ થનાર છે. આ દિવ્ય રથનો લાભ ગાંધીનગરમાં વસતા પાટીદાર પરિવારો વધુમાં વધુ લઈ શકે તેના પૂર્વ આયોજન માટે તા. ૨૯-૧-૨૦૧૯ને મંગળવારના રોજ સાંજે ૬ થી ૮ કલાકે બેઠક રાખેલ છે. સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ દરેક ગોળ સમાજના પ્રમુખ-મંત્રી અને કારોબારી સભ્યો, પાટીદાર બિલ્ડરો, મહિલા સમિતિ, આગેવાનો, યુવાન મિત્રો અને માઈ ભકતો ભજન મંડળોને બેઠકમાં હાજરી આપવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# લસણના કેરેટની આડમાં થતી દારૂની હેરાફેરી ઝડપાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર આર.આર. સેલની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે લસણના કેરેટની આડમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને પીકઆપ ડાલામાં દારૂની હેરાફેરી થવાની છે. આ બાતમીના આધારે આર.આર. સેલની ટીમે પાસે વોચ ગોઠવી હતી અને બાતમીવાળુ ડાલુ ત્યાંથી પસાર થતા તેનો પીછો કરીને સાણોદા પાસેથી આ ડાલુ પકડી પાડ્યું હતું. આર.આર.સેલે વિદેશી દારૂનો જથ્થો તથા દારૂ મળી કુલ રૂ.૭.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચિતોડગઢના એક શખ્સની ધરપકડ કરી તેની સઘન પૂછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાની સુચનાથી પીએસઆઈ બી. આર. રબારીની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આરઆરસેલના હેડ કોન્સ્ટેબલ જોગીન્દરસિંહ, પો.કો. વિપુલકુમાર, નરેન્દ્રસિંહ, અલ્પેશકુમાર સહિતનો સ્ટાફ દહેગામ તાલુકાના હાલીસા વિસ્તારમાં હતો ત્યારે બાતમી મળી હતી કે, લસણની આડમાં દારૂની હેરફેર થવાની છે. જેના આધારે સ્ટાફના માણસો હાલીસા પાટીયા પાસે વોચમાં ગોઠવાઈ ગયા હતા. આ દરમિયાન આર.જે ૦૯ જીસી ૨૧૮૬ નંબરનું પીકઅપ ડાલુ પસાર થતાં પોલીસે તેનો પીછો કરી સાણોદા પાટીયા પાસેથી પકડી લીધું હતું.

## દિલીપ ગજ્જરને સહાયક માહિતી નિયામક તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૨૪

માહિતી કમિશનરશ્રીની



કચેરીમાં સિનિયર સબ એડીટર તરીકે ફરજ બજાવતા શ્રી દિલીપ આર. ગજ્જરને સહાયક માહિતી નિયામક તરીકે બઢતીના હુકમો કરાયા છે. શ્રી દિલીપ ગજ્જર સમાચાર શાખામાં પત્રકારો સાથે સહયોગભર્યા વર્તનને પગલે તેઓ પત્રકારપ્રિય અધિકારી ગણાય છે.

શ્રી ગજ્જર ઉપરાંત શ્રી એમ. જે. સિસોદીયા-પાલનપુર અને શ્રી પી. આર. સોનારીયા (પ્રકાશન શાખા)ને પણ બઢતી મળી છે.

## જિલ્લામાં આયુર્વેદ દવાખાનાઓ પર સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળા વિતરણનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં હાલ સ્વાઈન ફ્લુનો રોગચાળો વધી રહ્યો છે તેમજ ટુંક સમયમાં જ વસંતઋતુ શરૂ થશે જેમાં કફ પ્રકોપ થાય છે તેમજ અન્ય દોષોની અસમાનતા તથા બેવડી ઋતુ હોવાના કારણે આ ઋતુમાં શરદી કફ તેમજ અન્ય રોગો વધારે જોવા મળે છે. તેવા સમયે શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ વધે એવા ઔષધોનું સેવન કરવામાં આવે તો સ્વાઈન ફ્લુ તેમજ અન્ય ઋતુ સંધિગત રોગો સામે રક્ષણ મળી શકે છે. આના માટે આયુર્વેદમાં વર્ણવેલ રોગ પ્રતિરોધક શક્તિવર્ધક ઔષધિય ઉકાળાનું સેવન ઘણું જ લાભગદાયી નીવડે છે.

